# રાજ્ય પરીક્ષા બોર્ડ

**પ્રસ્તાવના**

- **રાજ્ય પરીક્ષા બોર્ડની સ્થાપનાનો ઉદ્દેશ સ્નાતક કક્ષાની અનુસ્નાતક કક્ષાની પરીક્ષાઓની ગોઠવણી કરવી અને વિવિધ વ્યાવસાયિક ડિપ્લોમાની પદવી અને વિવિધ શાળા ઉચ્ચ શાળાઓમાં ભણતા વિદ્યાર્થીઓને સામાન્ય જ્ઞાન,રમત ગમત, ચિત્ર, સ્થાપત્ય જેવા વિવિધ વિષયોનું પ્રમાણપત્ર આપવાનો હોય છે.**

- **પરીક્ષા બોર્ડનો ઉમદા ધ્યેય વિદ્યાર્થીઓ વિવિધ પરીક્ષાઓ દ્વારા રોજગાર મેળવે અને સ્વ–નિર્ભર બને તે જોવાનો હોય છે.**
- **અમને શ્રધ્ધા છે કે રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા લેવાતી જુદી જુદી *31* પ્રકારની પરીક્ષાઓની પ્રારંભિક માહિતિ આ પુસ્તક દ્વારા ઉપલબ્ધ છે પરીક્ષાઓની પ્રસિધ્ધિનો ઉદ્દેશ આ પુસ્તક દ્વારા મેળવવામાં આવે છે.**

- **હું આ પુસ્તક રજૂ કરતાં આનંદ અનુભવું છું**

**અધ્યક્ષ**

**સંદેશ**

**પરીક્ષા અને બાળકો શિક્ષણઃ–**

- **શિક્ષણની મુળભૂત વ્યાખ્યાને જોઇએ તો તેમાં બાળકનો સર્વાંગી વિકાસ મુખ્ય છે.**

- તેના આ મુખ્ય ઉદ્દેશ માટે બાળક સંદર્ભે સ્કુલીંગ એજયુકેશન ઉભું કરવામાં આવ્યું છે.

- આ તબકકામાં બાળકને વિવિધ એકસપોઝર આપીને તેનામાં પરિવર્તનો લાવવાની ક્રિયાને એજયુકેશન લર્નીંગ કહીએ છીએ.

- આ માટે વિશ્વભરમાં સમકાલીન વિવિધ પ્રવૃત્તિઓ, પધ્ધતિઓ, પ્રયુકિતઓ ઉપયોગમાં લેવામાં આવે છે.

- જેને આપણે પેડેગોજીનો હિસ્સો માનીએ છીએ. આ માટે બાળક એના સ્કુલીંગ એજયુકેશન દરમિયાન વિવિધ કૌશલ્યો કેળવે છે.

- કયારેક આ કૌશલ્યો ગૌણ બની રહે, માત્ર ઈન્ફર્મેશન અને નોલેજનું પ્રાધાન્ય વર્ગોમાં અહમ્ બની જાય છે.

- જેથી આ વર્ગ ક્રમશઃ સમાજ સુધી માત્ર નંબર્સ/ માર્કસ આધારીત સીસ્ટમને જ શિક્ષણ માની લે છે. તેનો ભોગ માત્રને માત્ર બાળકો જ બની રહે છે.

- આમ ન બને તે માટે દરેક બાળકને ઓળખવાની જરૂર છે. દરેક બાળકની પ્રતિભા ભિન્ન હોય છે. જેના રસ, રુચિ અને વલણોને આધારે તેના એકસપોઝર આપવાથી બાળક પોતાની કારકિર્દીમાં રસમયી રીતે શ્રેષ્ઠ બની શકે છે.

- વિશ્વમાં આ માટે પહેલા ધોરણથી જ દરેક બાળકનો પોર્ટફોલીયો/ પ્રોફાઈલ તૈયાર કરવામાં આવે છે.

- જેમાં કયુ બાળક લેફટ બ્રેઈનમાં સાર્પ છે અને કયુ બાળક રાઈટ બ્રેઈનમાં સાર્પ છે. તે વાલીઓ, શિક્ષકો અને ખુદ બાળક માટે અત્યંત મહત્વનું છે.

- આ માટે રાજય પરીક્ષા બોર્ડ દ્વારા લેવાતી વિવિધ પરીક્ષાઓ એ મહત્વનું પરિબળ છે. બાળકને આ તબકકે લર્નીંગનો એક જુદો જ ટેસ્ટ આપવાનો પ્રયત્ન છે.

- આથી આપ સૌ આપના વિદ્યાર્થીઓને જીવનના અત્યંત મહત્વના તબકકે આને માત્ર પરીક્ષા જ ન સમજતાં લર્નીંગ કન્સેપ્ટ તરીકે જોવા વિનંતી છે.

- આખરે આપણું લક્ષ્ય એસેસમેન્ટ ઓફ લર્નીંગ ને બદલે એસેસમેન્ટ ફોર લર્નીંગ બની રહે તે માટે આપના સૌની આ દિશામાં સમજ એક બની રહે તે જરૂરી છે.

**અધ્યક્ષ (કારોબારી)**

**રાજય પરીક્ષા બોર્ડ**

- વર્તમાન શિક્ષણ વ્યવસ્થાની વિવિધ પ્રકારની તાલીમમાં મૂલ્યાંકનનું સ્થાન ખૂબ જ મહત્વનું છે. સમજશકિતનો વિકાસ, જ્ઞાન, ઉપયોગિતા, કૌશલ્ય વગેરેનું વિકાસ મૂલ્યાંકન પરીક્ષા તંત્ર દ્વારા કરવામાં આવે છે.

## રાજય પરીક્ષા બોર્ડની સ્થાપના

- રાજય પરીક્ષા બોર્ડની સ્થાપના ગુજરાત પરીક્ષા વિભાગ દ્વારા પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક કક્ષાએ વિવિધ પરીક્ષાઓના વહીવટ માટે નવેમ્બર 1966 માં કરવામાં આવી હતી.

- પરીક્ષા વિભાગના 1999ના ઠરાવ દ્વારા બોર્ડને સ્વાયત્ત જાહેર કરવામાં આવ્યું છે.

- સ્વાયત્ત બોર્ડના અંદાજપત્ર અંગેની બેઠકના અધ્યક્ષ તરીકે શિક્ષણ મંત્રીનો ફાળો પ્રેરણાદાયી છે.

- શૈક્ષણિક વિભાગના મુખ્ય સચિવ સંઘની કાર્યરત સમિતિના અધ્યક્ષ તરીકે મહત્વનું માર્ગદર્શન આપશે.

- રાજયની શૈક્ષણિક સમિતિના અધ્યક્ષ બંને સમિતિઓના સભ્ય સચિવ તરીકેની ભૂમિકા ભજવશે.

- રાજ્ય પરીક્ષા બોર્ડના વહિવટકારો વિવિધ 24 ઓપન પરીક્ષાઓ લેશે. આ બોર્ડના 13 સભ્યો ગુજરાત સરકાર દ્વારા નિયુક્ત થાય છે.

- આ ઉપરાંત વહીવટી સમિતિની રચના વિવિધ પરીક્ષાઓના સંચાલનમાં મદદ માટે કરવામાં આવી છે.

## નવીનતા

### રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગરના નવીન પ્રયોગો

- લેખિત પરીક્ષા માટે બારકોડ સ્ટીકરના ઉપયોગની શરૂઆત અને પરીક્ષામાં ગેરરીતીઓ અટકાવવા અન્ય અભ્યાસ સામગ્રી લાવવા પર અટકાવ.
- ગુણવત્તાયુક્ત, તટસ્થ અને ઉત્તમ મૂલ્યાંકન માટે આ વર્ષે ઝોન પ્રમાણે વિષય જૂથની રચના અને પી. ટી. સી. સંખ્યામાં વધારા વિષયક પરીક્ષા કાર્ય.

- પ્રથમ વાર તમામ પી. ટી. સી. પ્રૉફેસરોને તેમને આપેલ દર અને પદવી દ્વારા આપેલ રેખાચિત્ર મુજબ માહિતિ તૈયાર કરીને કોમ્પ્યુટરના મેઈલ–મર્જ કાર્યક્રમ દ્વારા પરિક્ષકોની વિષયવાર નિયુક્તિ.
- પ્રથમ વખત કોમ્પુટરાઈઝેશન કરીને પ્રશ્ન પુસ્તિકાઓ માટે ઉત્તરવહી દ્વારા તટસ્થ, ઉત્તમ અને અસરકારક મૂલ્યાંકન શક્ય બનાવવું.
- બ્લ્યુ પ્રિન્ટ પર આધારીત પ્રશ્ન પુસ્તિકાઓની તૈયારીને કારણે પરીક્ષાની તૈયારી માટે તાલીમાર્થી ઉત્તમ તક મેળવશે
- રાજ્ય પરીક્ષા બોર્ડના ઈતિહાસમાં પ્રથમવાર પેપર પૂર્ણ થયાના ત્રીજા દિવસે જ મૂલ્યાંકન કાર્યની શરૂઆત થઈ.
- કોડિંગ અને ડૉટેડ હાઈડ લાઈનના પ્રયોગોનો ઉપયોગ ખાલી જવાબવહી પર કોઈપણ જાતના ફેરફારો અથવા ગેરરીતીને દૂર કરવા માટે કરવામાં આવે છે. સીરીયલ નંબર આપીને અંદરની માહિતિને છાપવામાં આવે છે.
- કોઈપણ જાતની ભૂલો કે પ્રશ્નપત્રની કોઈ ભૂલની પુન: તપાસણી વિશેષજ્ઞ અને વિષયોના અનુભવી નિષ્ણાતો દ્વારા કરવામાં આવશે. કી – વેરીફીકેશન પણ બનાવવવામાં આવ્યું હતું.
- પહેલાં પ્રથમ અને દ્રીતીય વર્ષ માટે બે જ આકારણી કેન્દ્રો હતાં. તેમને વધારીને તમામ માધ્યમ માટે નવ આકારણી કેન્દ્રો ઉભા કરવામાં આવ્યા હતા. દરેક આકારણી કેન્દ્ર પર સંઘના પ્રતિનિધિ તરીકે જે તે વિષયના અનુભવી અને નિષ્ણાત પ્રૉફેસરોની નિયુક્તિ કરવામાં આવે છે.
- સ્વનિર્ભર 90 થી વધારે કોલેજોમાં ભ્રષ્ટાચાર પર અંકુશ મૂકીને જાહેર ઠરાવમાં સૂચવ્યા પ્રમાણે વિદ્યાર્થીઓ કે જેઓના બાહ્ય મૂલ્યાંકનની વિશેષતા વિષે બોર્ડને જણાવવામાં આવે છે. આ બાહ્ય આકારણીને કારણે તેના પર અંકુશ આવે છે.
- સંચાલન માટેનો પરીક્ષાર્થી કોડ, માર્ગદર્શિકા અને વિવિધ પ્રકારના

**પત્રકોને યોગ્ય રીતે કોમ્પ્યુટર રાઈઝડ કરવામાં આવે છે. જેથી દરેક કોલેજો અને મુખ્ય વહીવટીકારો માટે સરળ બન્યું અને ઉત્સાહપૂર્વકના પ્રતિભાવ મેળવ્યા હતા.**

## ઉદ્દેશો

➢ **(ક) રાજ્ય પરીક્ષા બોર્ડ રાજ્યના શિક્ષણ વિભાગ નીચેની સ્વાયત સ્વતંત્ર સંસ્થા છે. તે નીચેની પરીક્ષાઓ લે છે :**

**૧. પૂર્વ – પ્રાથમિક શાળાના શિક્ષકો (પૂર્વ – પી.ટી.સી.) ની નોકરી માટે પૂર્વ તાલીમ.**

**૨. રાજ્યના પ્રાથમિક શાળાના શિક્ષકો (પી.ટી.સી.)**

**૩. પ્રારંભિક અને ઈન્ટર મીડિયેટ ડ્રોઈંગ ગ્રેડ જેવી કારકિર્દી વિકાસ અભ્યાંસક્રમ પરીક્ષાઓ.**

**૪. ગૃહ વિજ્ઞાન, બેંકિંગમાં, હિસાબ પદ્ધતિમાં અને અંગ વ્યાયામ ચિકિત્સાં વગેરેમાં ડિપ્લોમા જેવા વ્યાવસાયિક અભ્યાસક્રમોના ક્ષેત્રમાં**

**૫. સી.પી. એડ અને ડી.પી. એડ જેવા શારીરિક શિક્ષણના અભ્યાંસક્રમ**

**૬. બુનિયાદી શિક્ષણમાં ડિપ્લોમા.**

**૭. શિક્ષણ વિભાગની કામગીરી અદ્યતન બનાવવા ખાતાકીય પરીક્ષા**

**૮. બાળકોમાં સૌંદર્યની સમજ અને મૂલ્યાપોષવા અને વિકસાવવા માટે ઉચ્ચર કલાની પરીક્ષા.**

**૯. સંરક્ષણ અભ્યારસક્રમ અને એન.ટી.એસ. માં પ્રવેશ માટે આર.આઈ.એમ.સી. જેવી રાષ્ટ્રીય કક્ષાની પરીક્ષાઓ**

**૧૦. પ્રારંભિક અને માધ્યીમિક કક્ષાના વિદ્યાર્થીઓ માટે**

શિષ્યવૃત્તિ પરીક્ષા

૧૧.પ્રથમા, મધ્યમા, શાસ્ત્રી અને આચાર્ય જેવી સંસ્કૃત પાઠશાળા પરીક્ષાઓ.

૧૨.પરીક્ષા બોર્ડ નક્કી કર્યા પ્રમાણે અથવા સરકારે તેને સોંપેલ બીજી કોઈ પરીક્ષા લેવી.

➢ (ખ) રાજ્ય પરીક્ષા બોર્ડ ગુજરાત સરકારના શિક્ષણ વિભાગને તેની નીતિના અમલમાં અને સમગ્ર રાજ્યમાં પરીક્ષાના ક્ષેત્રમાં મોટા કાર્યક્રમો હાથ ધરવામાં મદદ કરશે અને માર્ગદર્શન આપશે.

➢ (ગ) રાજ્ય પરીક્ષા બોર્ડનું મહત્વનું કાર્યપરીક્ષાના ધોરણની કક્ષા ઊંચી લાવવાનું છે, આ હેતુ માટે રાજ્ય પરીક્ષા બોર્ડ કામનું આયોજન કરશે. તેને આધુનિક બનાવશે અને નીચે જણાવ્યા મુજબ અમલ કરશે

૧.બધી પરીક્ષાઓનું કોમ્પ્યુટીકરણ.

૨.પ્રમાણપત્ર અને ગુણપત્રકનાં લેમીનેશન.

૩.મૂલ્યાંકનકાર માટે ઉમેદવારોની ઓળખ ખાનગી રાખવા ઉત્તરવહીઓનું બાર કોડિંગ.

૪.ખાનગી અને ગુપ્ત રાખવાની દ્રષ્ટિએ પરીક્ષાઓ લેવામાં સુધારા કરવા.

૫.બધી પરીક્ષાઓની જવાબવહીનું મૂલ્યાંકન કેન્દ્રીય આકારણીથી કરવું.

૬.કોમ્પ્યુટર હાર્ડવેર અને સોફટવેર સગવડો વગેરે.

ઉપરના ઉદ્દેશો અનુસાર, રાજ્ય પરીક્ષા બોર્ડનાં કાર્યો નીચે

મુજબ રહેશેઃ

- ૧. તેના ઉદ્દેશોને આગળ ધપાવવા માટે રાજ્ય શિક્ષણ વિભાગ, યુનિવર્સિટીઓ અને અન્યદ શૈક્ષણિક સંસ્થાઓને સહકાર અને સમર્થન આપવા અને સહાય કરવી.

- ૨. તેના ઉદ્દેશ સિદ્ધ કરવા જરૂરી હોય તેવી સંસ્થાઓ જુદા જુદા ભાગોમાં સ્થાપવી અને ચલાવવી.
- ૩. રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા લેવાતી પરીક્ષાને લગતી બધી બાબતો અંગે વિકાસ અને માહિતી માટે કલીયરિંગ હાઉસ તરીકે કામ કરવું.
- ૪. રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા લેવાતી પરીક્ષાઓને લગતી બાબતો અંગે રાજ્ય સરકાર અને બીજા શૈક્ષણિક સંગઠનો અને સંસ્થાઓને સલાહ આપવી.
- ૫. રાજ્ય પરીક્ષા બોર્ડના હેતુ માટે જરૂરી અથવા સુગમ હોય તેવી સ્થાવર અથવા જંગમ મિલકત બક્ષીસ ખરીદીથી, પટાથી અથવા અન્યથા પ્રાપ્ત કરવી અને ત્યારબાદ રાજ્ય પરીક્ષા બોર્ડના હેતુ માટે કોઈ મકાન બાંધવાં અને નિભાવવાં.
- ૬. ઉપરના આર્ટિકલ (૪) માં દર્શાવેલાઉદ્દેશો પ્રાપ્ત કરવા માટે (કારોબારી સમિતિ વખતોવખત નક્કી કરે તે ) જરૂરી હોય તેવાં પગલાં હાથ ધરવાં.

- ➢ ૭. રાજ્ય પરીક્ષા બોર્ડમાં શૈક્ષણિક, વહીવટી, દેખરેખ, પ્રાદ્યોગિકી વિષયક અને બીજી જગ્યાઓ ઊંભી કરવી અને રાજ્ય પરીક્ષા બોર્ડના નિયમો અને વિનિયમો અનુસાર તે માટે ચુકવણી કરવી.
- ➢ ૮. રાજ્ય પરીક્ષા બોર્ડના કાર્યો ચલાવવા માટે નિયમો અને વિનિયમો ઘડવા અને તેમાં વખતોવખત ઉમેરા, સુધારા કરવા અથવા રદ કરવા.
- ➢ ૯. કોઈ નાણાં, લોન, જામીનગીરી અથવા કોઇ પ્રકારની મિલકત સ્વીકારવી અથવા તેની જોગવાઈ કરવી અને કરકસર અને યોગ્યતાને બરાબર ધ્યાનમાં લઈને વિસંગત ન હોય તેવા દેગી ટ્રસ્ટ ભંડોળ અથવા દાનની વ્યવસ્થા સ્વીકારવી.
- ➢ ૧૦. કરકસર અને યોગ્યતાને યોગ્ય રીતે લક્ષમાં લઇ અંદાજપત્ર તૈયાર કર્યા પછી ખર્ચ કરવું.
- ➢ ૧૧. રાજ્ય પરીક્ષા બોર્ડનાં વાર્ષિક અહેવાલ અને હિસાબ તૈયાર કરવાં.
- ➢ ૧૨. રાજ્ય પરીક્ષા બોર્ડ વખતોવખત નક્કી કરે તેવી જામીનગીરીઓમાં અથવા તેવી રીતે રાજ્ય પરીક્ષા બોર્ડનાં નાણાનું રોકાણ કરવું અને / અથવા રાજ્ય પરીક્ષા બોર્ડની સૂચના હેઠળ આવાં મૂડી–રોકાણનું વેચાણ કરવું અને તબદીલ કરવું.
- ➢ ૧૩. રાજ્ય પરીક્ષા બોર્ડના ઉદ્દેશો પ્રાપ્ત કરવા માટે જરૂરી હોય તેવી સ્થાવર અથવા જંગમ મિલકત ખરીદવી, ભાડે લેવી, પટા પર લેવી, વિનિમય કરવો અથવા અન્યથા પ્રાપ્ત કરવી અથવા કોઈ મકાન કે મકાનોનો નિભાવ કરવો.
- ➢ ૧૪. સંબંધિત કચેરીઓ અથવા શાળાઓની મુલાકાત લઈને શૈક્ષણિક સંસ્થાઓને શૈક્ષણિક સહાય / માર્ગદર્શન પૂરું

પાડવું.

- ૧૫. પરીક્ષા પધ્ધતિ અને ધોરણો સુધારવા માટે વધુ સારી સગવડ માટે ગુજરાત સરકાર સાથે સહયોગ કરવો.
- ૧૬. શૈક્ષણિક સુધારાઓ માટે શૈક્ષણિક સંસ્થાનઓ, સ્વૈચ્છિક સંસ્થાઓ, શિક્ષક સંગઠનો અને વ્યક્તિગત સમિતિઓની વ્યાપક સામેલગીરી અને સક્રિય સહયોગ મેળવવો.

## સભ્યો

| ક્રમ નં. | હોદ્દો | સરનામું | વ્યવસાય |
|---|---|---|---|
| ૧ | ગુજરાત સરકારના મુખ્ય સચિવ | ગુજરાત સરકારના મુખ્ય સચિવની કચેરી, બ્લોક -૧, સચિવાલય, ગાંધીનગર | સરકારી નોકરી |
| ૨ | અધિક મુખ્ય સચિવ શિક્ષણ વિભાગ | અધિક મુખ્ય સચિવ, શિક્ષણ વિભાગ, બ્લોક–૫, સાતમો માળ, સચિવાલય, ગાંધીનગર | સરકારી નોકરી |
| ૩ | શાળાઓના કમિશ્નર | શાળાઓનાકમિશ્નર, બ્લોક–૯, પહેલો માળ, સચિવાલય, ગાંધીનગર | સરકારી નોકરી |
| ૪ | અધિક સચિવ, શિક્ષણ વિભાગ | અધિક સચિવ, શિક્ષણ વિભાગ, બ્લોક – ૫, સાતમો માળ, સચિવાલય, ગાંધીનગર | સરકારી નોકરી |
| ૫ | નાયબ સચિવ | નાગબ સચિવ, શિક્ષણ વિભાગ, બ્લોક – ૫, સાતમો માળ, સચિવાલય, ગાંધીનગર | સરકારી નોકરી |
| ૬ | અધ્યક્ષ રાજ્ય પરીક્ષા બોર્ડ | રાજ્ય પરીક્ષા બોર્ડ, સરકારી પુસ્તકાલયની સામે, સેક્ટર – ૨૧, | સરકારી નોકરી |

| | | | |
|---|---|---|---|
| | | ગાંધીનગર | |
| ૭ | નિયામક | પ્રાથમિક શિક્ષણ નિયામક, બ્લોક –૧૨, પહેલો માળ, ડૉ.. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર | સરકારી નોકરી |
| ૮ | નિયામક | નિયામક, ગુજરાત શૈક્ષણિક અને સંશોધન તાલીમ પરિષદ, સેક્ટર–૧૨, ગાંધીનગર | સરકારી નોકરી |
| ૯ | નિયામક | રાજ્ય પરિયોજના નિયામક, જિલ્લા પ્રાથમિક શિક્ષણ કાર્યક્રમ. | સરકારી નોકરી |
| ૧૦ | પરીક્ષા નિયામક | પરીક્ષા નિયામક, માધ્યમિક શિક્ષણ બોર્ડ, સેક્ટર ૧૦, ગાંધીનગર | સરકારી નોકરી |
| ૧૧ | નિયામક | નિયામક, શાળા પાઠ્યપુસ્તક બોર્ડ, ગાંધીનગર | સરકારી નોકરી |
| ૧૨ | ક્ષેત્ર સલાહકાર | ક્ષેત્ર સલાહકાર, રાષ્ટ્રીય શિક્ષણ સંશોધન અને તાલીમ પરિષદ (NCERT), અમદાવાદ | સરકારી નોકરી |
| ૧૩ | સચિવ | રાજ્ય પરીક્ષા બોર્ડ, સરકારી પુસ્તકાલયની સામે, સેક્ટર – ૨૧, ગાંધીનગર | સરકારી નોકરી |

## કાર્યો

ઉપર જણાવ્યા મુજબનાં લક્ષ્યાંકો મેળવવા રાજ્ય પરીક્ષા સંઘ નીચે મુજબનાં કાર્યો કરશે.

- રાજ્ય સરકારના શિક્ષણ વિભાગનો સહકાર લઈને રાજ્ય પરીક્ષા સંઘ દ્વારા રાજ્યમાં વિવિધ જગ્યાએ સંસ્થાઓ ઉભી કરવી અને તેને પુષ્ટિ આપવી.
- શૈક્ષણિક સંસ્થાઓ અને રાજ્ય સરકારને રાજ્ય શિક્ષણ વિભાગની ઓપન પરીક્ષા સબંધિત સલાહ આપવી.
- સંઘની આવશ્યકતા પ્રમાણે સ્થાવર અને જંગમ મિલકત મેળવવી.
- સંઘની આવશ્યકતા પ્રમાણે શૈક્ષણિક, વહીવટી અને તકનીકી જગ્યાઓની રચના કરવી.
- ઓપન પરીક્ષાઓના વહીવટ માટે કાયદા અને કાનૂન બનાવવા અને સમયાંતરે તેમાં જરૂરી ફેરફારો કરવા.
- ભંડોળ સ્વીકારવું – લોન,દાનમાં મળેલી મિલકત અથવા મિલકત અને અમલમાં આવેલ કાયદા પ્રમાણે તેમનું રોકાણ અને સંઘના ઉદ્દેશો પ્રમાણે તેમની તબદીલી.
- સહકાર મેળવવો અને શૈક્ષણિક સંસ્થાઓ, સ્વૈચ્છિક સંસ્થાઓ, શિક્ષકો અને ખાનગી સમિતિઓને ઓપન પરીક્ષાઓની વ્યવસ્થા માટે અને તેમના શૈક્ષણિક વિકાસ માટે સહકાર આપવો.

- આવક અને જાવકનાપ્રવાહના અંદાજપત્રનો નિર્ણય કરવો.

## કારોબારી સમિતિ

| | | |
|---|---|---|
| ૧ | સરકારના અધિક મુખ્ય સચિવ, શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર | અધ્યક્ષ |
| ૨ | સરકારના સચિવ, નાણા વિભાગ, ગુજરાત સરકાર, તેમના નોમિની | સભ્ય |

| | | |
|---|---|---|
| ૩ | ઉચ્ચતર શિક્ષણ કમિશ્નર | સભ્ય |
| ૪ | શાળાઓના કમિશ્નર | સભ્ય |
| ૫ | રાજ્ય પરીક્ષા બોર્ડના સચિવે પસંદ કરેલા શિક્ષણ સંસ્થાઓના આચાર્ય (ત્રણમાંથી એક સ્ત્રી સભ્ય હોવાં જોઇએ) | સભ્ય |
| ૬ | પ્રાથમિક, માધ્યમિક શિક્ષણમાં પોતાના અનુભવ અને રસ માટે જાણીતા એક શિક્ષણશાસ્ત્રીએ રાજ્ય સરકારે નીમવાના | સભ્ય |
| ૭ | સ્ત્રીઓનાં વિકાસ અને શિક્ષણમાં અનુભવ અને રસ ધરાવતાં એક સ્ત્રી, રાજ્ય સરકારે નીમવાનાં | સભ્ય |
| ૮ | પ્રાથમિક શિક્ષણ નિયામક | સભ્ય |
| ૯ | ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદના નિયામક | સભ્ય |
| ૧૦ | શાળા પાઠ્યપુસ્તક બોર્ડના નિયામક | સભ્ય |
| ૧૧ | પરીક્ષા નિયામક, ગુજરાત રાજ્ય પરીક્ષા બોર્ડ | સભ્ય |
| ૧૨ | રાજ્ય પરીક્ષા બોર્ડના અધ્યક્ષ | સભ્ય–સચિવ |

## પરીક્ષાઓ

- રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા સંચાલિત જાહેર પરીક્ષાઓ
- ડીપ્લોમા ઇન એલીમેંટ્રી એજ્યુકેશન (પી.ટી.સી.)
- પ્રિ. પી.ટી.સી.
- સી. પી. એડ / ડી. પી. એડ
- એ.ટી.ડી. પ્રથમ વર્ષ
- ફીઝીયોથેરાપી
- પ્રાથમિક / માધ્યમિક ચિત્રકામ કક્ષા પરીક્ષા
- પ્રાથમિક / માધ્યમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા

- જી.સી.સી.
- એન. ટી. એસ.
- એન. એમ. એમ. એસ.
- આર. આઈ. એમ. સી.
- ખાતાકીય પરીક્ષા શિક્ષણ વર્ગ–૧ અને વર્ગ–૨
- વ્યવસાયલક્ષીપરીક્ષાઓ

- **રાજય પરીક્ષા બોર્ડ દ્વારા સંચાલિત જાહેર પરીક્ષાઓ**

➢ **ગુજરાત રાજયના શિક્ષણ વિભાગ દ્વારા પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણની કક્ષાએ વિવિધ પરીક્ષાઓના સંચાલન માટે નવેમ્બર–૧૯૬૬ માં રાજય પરીક્ષા બોર્ડની સ્થાપના કરવામાં આવી હતી.**

➢ **પરીક્ષાઓના સંચાલનમાં મુશ્કેલીઓ નિવારવા તથા પરીક્ષાઓ સમયસર અસરકારક તથા પૂર્ણ ગોપનીયતાથી લઈ શકાય તે હેતુથી રાજય પરીક્ષા બોર્ડને શિક્ષણ વિભાગના તા. ૨૬–૧૦–૧૯૯૯ ના ઠરાવ ક્રમાંકઃરપબ/૧૦૯૯/૧૦૮૧/ન, થી સ્વાયતતા આપવામાં આવેલ છે અને શિક્ષણ વિભાગના તા. ૨૪–૫–૨૦૦૦ ના ઠરાવ ક્રમાંકઃરપબ/૧૦૯૯/૧૦૮૧/, થી બોર્ડના મેમોરેન્ડમ ઓફ એસોસીએશન (બંધારણ)ને મંજુરી આપવામાં આવેલ છે.**

- રાજય પરીક્ષા બોર્ડ દ્વારા હાલમાં વિવિધ ૨૩ જાહેર પરીક્ષાઓનું સંચાલન કરવામાં આવે છે.

- રાજય પરીક્ષા બોર્ડનું અગત્યનું કાર્ય પરીક્ષા સંચાલનનાં ધોરણો અને પદ્ધતિઓની ગુણવતામાં સુધારો લાવવાનું અને કામગીરીનું આધુનિકરણ કરવાનું રહ્યું છે.

| ક્રમ | પરીક્ષાનું નામ |
|---|---|
| ૧ | પૂર્વ–પ્રાથમિક અધ્યાપનપ્રમાણપત્ર પરીક્ષા |
| ૨ | ડીપ્લોમા ઇન એલીમેંટ્રી એજ્યુકેશન (પી.ટી.સી. પરીક્ષા) |
| ૩ | પ્રાથમિક શિષ્યવૃતિ પરીક્ષા |
| ૪ | માધ્યમિક શિષ્યવૃતિ પરીક્ષા |
| ૫ | રાષ્ટ્રીય ઈન્ડીયન મિલીટરી કોલેજ (આર.આઈ.એમ.સી.) પ્રવેશ પરીક્ષા |
| ૬ | રાષ્ટ્રીય પ્રતિભાખોજ પરીક્ષા( એન.ટી.એસ. પરીક્ષા ) |
| ૭ | એન.એમ.એમ.એસ. પરીક્ષા |
| ૮ | પ્રાથમિક/માધ્યમિક ચિત્રકામકક્ષા પરીક્ષા |
| ૯ | એટીડી પરીક્ષા (આર્ટ–ટીચરડીપ્લોમા પરીક્ષા) |
| ૧૦ | ઉચ્ચકલા પરીક્ષા |
| ૧૧ | શારીરિક શિક્ષણ પ્રમાણપત્રપરીક્ષા (સી.પી.એડ. પરીક્ષા) |
| ૧૨ | |

shikshansagar.com

| | |
|---|---|
| | શારીરિક શિક્ષણ ડિપ્લોમા પરીક્ષા (ડી.પી.એડ. પરીક્ષા) |
| ૧૩ | વ્યવસાયલક્ષી ડિપ્લોમા પરીક્ષાઓ (ગૃહવિજ્ઞાન, એકાઉન્ટન્સી બેંકીગ) |
| ૧૪ | ફિઝીયોથેરાપી પ્રમાણપત્ર પરીક્ષા |
| ૧૫ | સરકારી વાણિજય પ્રમાણપત્ર પરીક્ષા (જી.સી.સી. પરીક્ષા) |
| | |
| ૧૬ | શિક્ષણ સેવા વર્ગ– ૧,૨ની ખાતાકીયપરીક્ષા |

shikshansagar.com
શિક્ષણ સાગર
The King of Education